# <u>આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર ખાતે ખેડૂત તાલીમ તથા ઈનપુટ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો</u>

આણંદ કૃષિ યુનિવર્સિટીના નર્મદા પિયત સંશોધન યોજના, ખાંધા કેન્દ્ર દ્વારા સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતો માટે તાલીમ અને નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે, જે અનુસંધાને તા.૪/૦૮/૨૦૨૫ ના રોજ નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો માટે ખાંધા કેન્દ્ર ખાતે "દિવેલાના પાકમાં પિયત વ્યવસ્થાપન" ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં <u>૩૮</u> જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂતોને ખાંધા કેન્દ્રના યુનિટ વડા અને મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો. જે.એચ.ચૌધરી દ્વારા કરજણ વિસ્તારના મુખ્ય પાક દિવેલાના પાકમાં પિયત વ્યવસ્થાપન, પોષણ વ્યવસ્થાપન તેમજ સંકલિત રોગ-જીવાત અંગે વિસ્તૃત માહિતી આપી હતી. શ્રી જે.ડી.બલદાણીયા, સીનીયર રીસર્ચ ફેલો દ્વારા દિવેલામાં ટપક પિયત પદ્ધતિ તેમજ દિવેલા પાકની નવી જાતોની ખાસિયતો અને બિયારણની ઉપલબ્ધતા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા અને શ્રી ડી.ડી.ગુર્જર, ખેતી મદદનીશ દ્વારા ખેતીમાં જમીન ચકાસણીનું મહત્વ અંગેની સમજ આપવામાં આવી હતી. તાલીમ પૂર્ણ થયા બાદ દિવેલાના પાકમાં પિયત વ્યવસ્થાપન તેમજ એડેપ્ટીવ ટ્રાયલ અંતર્ગત દિવેલામાં વાવણી અંતર અને નાઈટ્રોજન વ્યવસ્થાપન અંગેના નિદર્શનો ગોઠવવા માટે દિવેલાના બિયારણ તેમજ ઈનપુટ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત ખેડૂતોના પ્રશ્નોનું સ્થળ ઉપર જ નિરાકરણ કરવામાં આવ્યું હતુ.

## <u>ફોટોગ્રાફસ</u>




**યુનિટ અધિકારી**
**ન.પિ.સ.યો. આ.કૃ.યુ., ખાંધા**